# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 09-07-2025 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## અમિત શાહ : કચ્છના મિરલબેન સાથે સંવાદ

**કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ નિમિત્તે ગુજરાત, મધ્યપ્રદેશ અને રાજસ્થાનની માતાઓ, બહેનો અને સહકારી સંસ્થાઓ સાથે સંકળાયેલા અન્ય કાર્યકરો સાથે સંવાદ કર્યો. શ્રી શાહે કચ્છ જિલ્લાના ઊંટ ઉછેરક માલધારી સહકારી મંડળી લિમિટેડના મિરલબેન રબારી સાથે પણ સંવાદ કર્યો.**

**મિરલબેને સંવાદ કરતા આ પ્રમાણે જણાવ્યું હતું.**

**(બાઇટ**

----------------------------------------------------------------------------------------

## વડોદરા : પુલ તૂટ્યું

**વડોદરા જિલ્લામાં પાદરા નજીક આજે સવારે ગંભીરા પુલનો એક ભાગ  તૂટી પડવાની ઘટનામાં નવ લોકોના મોત થયા છે. જ્યારે નવ લોકોને બચાવીને પાંચને સારવાર માટે ખસેડાયા છે.  આ ઘટના બાદ કેટલાક વાહનો તણાઇ ગયા હોવાનું વડોદરા જિલ્લા કલેક્ટર અનિલ ધામેલિયાએ પુષ્ટિ કરી હતી.**

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે  દુર્ઘટનામાં જીવ ગુમાવનારા પ્રત્યેક વ્યક્તિના વારસદારને ચાર લાખ રૂપિયા અને ઈજાગ્રસ્તોને 50 હજાર  રૂપિયાની સહાયની જાહેરાત કરી છે.  પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ આ દુર્ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે મૃતકોને પરિવારને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળ- P.M.N.R.F.માંથી બે લાખ રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી છે.**

---

## કચ્છી હસ્તકલાના ત્રણ કસબીને એવોર્ડ

કચ્છની હસ્તકલાએ દેશ-વિદેશમાં ડંકો વગાડયો છે, ત્યારે કચ્છના ત્રણ કલાના કસબીઓને વર્ષ 2024ના રાષ્ટ્રીય એવોર્ડ જાહેર થયા છે, જેમાં કચ્છમાં પ્રથમ વખત મશરૂ વણાટકામ માટેનો એવોર્ડ મળ્યો છે. વર્ષ 2024ના મશરૂ વણાટકામ માટે માંડવી તાલુકાના ડોણના ધોરિયા ભોજરાજ દામજીને અને ખરડ ડારી માટે મૂળ કુરન હાલે કુકમાના સામત તેજશીને અને કચ્છી હસ્તકલાની શાલ માટે ભુજોડીના દિનાબેન રમેશ ખરેટને રાષ્ટ્રીય એવોર્ડ જાહેર થયા છે.

---

## ડેમો ઓગન્યા

જિલ્લામાં વરસેલી સાર્વત્રિક મેઘકૃપાના પગલે મધ્યમ સિંચાઈના ચાર અને નાની સિંચાઈના 41 ડેમ ઓવરફ્લો થયા છે. મધ્યમ સિંચાઈના ઓવરફ્લો થયેલા ડેમોમાં કાયલા, નિરોણા, બેરાચિયા અને કંકાવટીનો સમાવેશ થાય છે. નાની સિંચાઈના છલકાયેલા ડેમોમાં નથ્થરકુઈ, સામત્રા, ધુનારાજા, જામારા, માનકૂવા, લોરિયા, ચુનડી, રતિયા, ખારોડ, રાજડા, વિજયસાગર, વણોઠી, વેગડી, દેઢિયા, ગોદડિયા, વિરાણિયા, દરશડી, ઘોડાલખ, ફિલોણ, કોટડી, મમાયમોરા, લુડવા, વાંઢ, ગેલડા, ગડાપુઠા, ખારડિયા, કોટડા રોહા, ઉમરાપર, લખપત, કડોલ, બાલાચોડ, સરગુઆરા, બાલાપર, સુડધ્રો, કાલરવાંઢ, મંજલ, રતડિયા, વમોટી, સણોસરા, ખારૂઆ, કાપડીસર, પિયોણીનો સમાવેશ થાય છે.

---

## BLO તાલીમ

ભારતીય ચૂંટણી પંચના આદેશના પગલે ગાંધીધામ અને માંડવી વિધાનસભા મતવિસ્તારના તમામ બુથ લેવલ ઓફિસરોન માટે તાલીમ યોજવામાં આવી હતી. આ તાલીમમાં બૂથ લેવલ ઓફિસરોને વિવિધ વિષયોના માર્ગદર્શન દ્વારા સુચારૂ  ફિલ્ડવર્ક કરવા

માટે સજ્જ કરવામાં આવ્યા હતાં. જેમાં ECI ના વિવિધ કાર્યો અને તેની મતદાર યાદી અદ્યતન રાખવા સાથે ચૂંટણી સંચાલકીય વ્યવસ્થા સંદર્ભે માઈક્રો પ્લાનિંગ વિશે સમજણ આપવામાં આવી હતી. મતદાતાને કોઈ પણ પ્રકારની હાલાકી ન રહે તથા દરેક BLO પોતાની જવાબદારી હેઠળની મતદાર યાદી સતત અપડેટ કરતા રહે તે સંદર્ભે સૂચનાઓ આપવામાં આવી હતી.

---------------------------------------------------------------------------------------

## વરસાદે વિરામ લીધો

કચ્છમાં રવિવારથી શરૂ થયેલા મેઘરાજાએ વિરામ લીધો છે. આજે જિલ્લા મથક ભુજમાં ઝરમર સ્વરૂપે વરસાદ થયો હતો આ સિવાય કચ્છમાં ક્યાંય વરસાદના અહેવાલ નથી, દિવસ દરમિયાન કચ્છમાં વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. ગઇકાલે કચ્છના તમામ તલુકામાં ક્યાંક ઝરમર તો ક્યાંક ઝાપટા સ્વરૂપે મેઘરાજાએ હાજરી પુરાવી હતી. રાજ્યના હવામાન વિભાગ દ્વારા  શનિવારથી સોમવારથી સુધી કચ્છમાં વિવિધ વિસ્તારોમાં મધ્યમથી ભારે વરસાદ થવાની સંભાવના વ્યક્ત કરાઇ છે.

---------------------------------------------------------------------------------------

## ગુરૂપૂર્ણિમા

આવતીકાલે અષાઢ પૂર્ણીમાને દિવસે જિલ્લાભરમાં ગુરૂપૂર્ણિમાની ભક્તિભાવપૂર્વક ઉજવણી થશે. જિલ્લામથક ભુજ સહિત તાલુકાના વિવિધ સ્થળોએ આ અવસરે પૂજન, મહાઆરતી, અભિષેક, વૈદિક પાઠ, સ્તવન, ગુરૂપૂજન સહિતના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------------------------